# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઘાનાની સંસદને સંબોધન દરમિયાન લોકશાહી વ્યવસ્થામાં સંવાદનાં મહત્વ પરભાર મૂક્યો
2) સંરક્ષણ ખરીદી પરિષદે સ્વદેશી કંપનીઓ પાસેથી એક લાખ કરોડ રૂપિયાની ખરીદીની દરખાસ્તોને મંજૂરી આપી.
3) હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી જનજીવન ખોરવાયું.
4) ગુજરાત શેરબજારમાં એક કરોડથી વધુ રોકાણકાર ધરાવતું ત્રીજું રાજ્ય બન્યું.
5) ક્રિકેટમાં, ઇંગલેન્ડ સામે બીજી ટેસ્ટ મેચનાં બીજા દિવસે કેપ્ટન શુભમન ગિલની બેવડી સદીની મદદથી ભારત મજબૂત સ્થિતિમાં

.........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM VISIT-GHANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઘાનાની સંસદને સંબોધન કર્યું હતું. વિદેશની સંસદમાં પ્રધાનમંત્રીનું આ 15મું સંબોધન હતું. પ્રધાનમંત્રીએ ભારતને લોકશાહીની માતા ગણાવીને લોકશાહી વ્યવસ્થામાં ખુલાપણું અને સંવાદનાં મહત્વ પર ભાર મૂક્યો. શ્રી મોદીએ ભારતની લોકશાહીની પ્રશંસા કરતા આ મુજબ જણાવ્યુઃ

(BYTE PM INDIAN DEMOCRACY)

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે, જ્યાં અઢી હજારથી વધુ રાજકીય પક્ષો, 22 સત્તાવાર ભાષાઓ અને હજારો બોલીઓ છે.

શ્રી મોદીએ જણાવ્યું કે આફ્રિકા અને ભારત વચ્ચે સુખદ સંયોગ છે.

(BYTE PM AFRICA CONNECTION)

પ્રધાનમંત્રીએ ઘાનાના સાંસદોને ભારતની નવી સંસદમાં આમંત્રિત કર્યા, જ્યાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત છે. શ્રી મોદીએ ઘાનાના સાંસદોને વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતને પારિભાષિત કરતી ચર્ચાઓ જોવાનો આગ્રહ કર્યો.

અગાઉ શ્રી મોદીએ ઘાનાના ઉપરાષ્ટ્રપતિ જેન નાના ઓપુકુ-અગ્યેમાંગ સાથે એક્રામાં ક્વામે નક્રુમહ મેમોરિયલ પાર્કની મુલાકાત લીધી હતી. આજે પ્રધાનમંત્રી મોદી અને ઘાનાના રાષ્ટ્રપ્રમુખ જૉન ડ્રામની મહામાએ પ્રતિનિધિમંડળ સ્તરનો સંવાદ કર્યો.

...2...

..2..

બંને નેતાઓએ સંસ્કૃતિ, શિષ્ટાચાર, આયુર્વેદ અને પરંપરાગત દવા ક્ષેત્રમાં ચાર સમજૂતી કરાર કર્યા.

ઘાનાના રાષ્ટ્રપ્રમુખ જૉન ડ્રામની મહામાએ પ્રધાનમંત્રી મોદીનું ઘાનાના રાષ્ટ્રીય સન્માન 'ઑફિસર ઑફ ધ ઑર્ડર ઑફ ધ સ્ટાર ઑફ ઘાના'થી સન્માન કર્યું. ઘાનાની મુલાકાત પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી ત્રિનિદાદ અને ટોબેગોનાં બે દિવસનાં પ્રવાસે જવા રવાના થયા હતા.

. . . . . . . . .

# DEFENCE ACQUISITION COUNCIL

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ ખરીદી પરિષદે સ્વદેશી કંપનીઓ પાસેથી એક લાખ કરોડ રૂપિયાથી વધુની દસ મૂડી સંપાદન દરખાસ્તો માટે જરૂરિયાતને સ્વીકૃતિ આપી છે. બખ્તરબંધ વાહનો, ઇલેક્ટ્રોનિક યુધ્ધ પ્રણાલિ, જમીન પરથી હવામાં પ્રહાર કરતી મિસાઇલોની ખરીદી માટે મંજૂરી આપવામાં આવી હતી.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ ખરીદી ઉચ્ચ ગતિશીલતા, અસરકારક હવાઈ સંરક્ષણ અને વધુ સારા પુરવઠા શ્રૃંખલા સંચાલન પ્રદાન કરશે.

આ ઉપરાંત મુર્ડ માઇન્સ, માઇન કાઉન્ટર મેઝર વેસલ્સ, સુપર રેપિડ ગન માઉન્ટ અને સબમર્સિબલ ઓટોનોમસ વેસલ્સની ખરીદી માટે પણ

મંજૂરી આપવામાં આવી. આ ખરીદીથી નૌકાદળ અને વ્યાપારિક જહાજો માટે સંભવિત જોખમને પણ ઘટાડી શકાશે.

. . . . . . . . . .

## JYOTIRADITYA INTERVIEW

કેન્દ્રીય દૂરસંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું છે કે, ઇન્ડિયા પોસ્ટ મોટાં ટેકનોલોજી ફેરફારમાંથી પસાર થઈ રહ્યું છે. આકાશવાણી ન્યૂઝ સાથેની વિશેષ મુલાકાતમાં શ્રી સિંધિયાએ જણાવ્યું કે, સંસ્થામાં સૌ પ્રથમ વાર ચીફ ટેકનોલોજી ઓફિસર-CTOની નિયુક્તિ કરવામાં આવી છે.

(BYTE - JYOTIRADITYA SCINDIA)

આ વિશેષ મુલાકાતનું પ્રસારણ આજે રાત્રે સાડા નવ કલાકે 100.1 આકાશવાણી એફએમ ગોલ્ડ ચેનલ અને આકાશવાણીની વધારાની ફ્રિકવન્સી પર કરાશે. આ ઇન્ટરવ્યુનું પ્રસારણ યુટ્યુબ ચેનલ NEWSONAIROFFICIAL પર પણ કરવામાં આવશે.

. . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# HIMACHAL RAIN

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાંક દિવસોથી ભારે વરસાદ, ઓચિંતા પૂર અને ભૂસ્ખલનને કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. હિમાચલ પ્રદેશમાં ગયા મહિનાની 20મી તારીખથી વરસાદ સંબંધિત ઘટનાઓમાં 63 લોકોના મોત થયા છે, 109 લોકોને ઇજા થઈ છે અને 40 લોકો હજુ પણ ગુમ હોવાના અહેવાલ છે.

સૌથી વધુ અસરગ્રસ્ત મંડી જિલ્લામાં 11 લોકોનાં મોત થયાં છે અને 34 લોકો હજુ પણ ગુમ છે. હવામાન વિભાગે આજે અને આવતીકાલે રાજ્યનાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

. . . . . . . . . . .

# UTTARAKHAND RAIN

ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલનથી ગ્રામીણ વિસ્તારોના મુખ્ય માર્ગો સહિત પર્વતીય વિસ્તારોમાં માર્ગમાં અવરોધ આવ્યો છે. રુદ્રપ્રયાગ-ગૌરીકુંડ માર્ગ અને યમુનોત્રી માર્ગમાં ભૂસ્ખલનથી અવરજવર પર અસર થઈ છે.

તમામ માર્ગો ફરીથી ખોલવા માટે યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે.

રુદ્રપ્રયાગ જિલ્લા વહીવટીતંત્ર કેદારનાથ યાત્રાને સુરક્ષિત રાખવા માટે પૂરતી તકેદારી રાખી રહ્યું છે. યાત્રાળુઓ અને સ્થાનિક લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ માર્ગો પર SDRF, પોલીસ અને વહીવટી ટીમો તૈનાત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ ખાતરી આપી હતી કે ચારધામ યાત્રાનું સંચાલન બદલાતી હવામાન પરિસ્થિતિઓને અનુરૂપ કરવામાં આવી રહ્યું છે.

(BYTE PUSHKARSINH DHAMI)

. . . . . . . . . . .

# GUJ-NSE INVESTORS

ગુજરાત શેરબજારમાં એક કરોડથી વધુ રોકાણકાર ધરાવતું ત્રીજું રાજ્ય બન્યું છે. નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ-NSEના ડેટા પ્રમાણે એક કરોડ નોંધાયેલા રોકાણકાર સાથે મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ બાદ ગુજરાત ત્રીજું રાજ્ય બન્યું છે. આ ત્રણેય રાજ્યો મળીને દેશનાં કુલ રોકાણકારોનો 36 ટકા હિસ્સો ધરાવે છે.

એનએસઇના ડેટા પ્રમાણે મે, 2025 સુધીમાં દેશમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા 11 કરોડ 50 લાખ છે. મે મહિનામાં જ એપ્રિલની સરખામણીમાં નવ ટકા વધારા સાથે વધુ 11 લાખ નવા રોકાણકારો નોંધાયા હતા.

પ્રદેશ પ્રમાણે સૌથી વધુ ચાર કરોડ 20 લાખ રોકાણકારો ઉત્તર ભારતમાં છે, જ્યારે ત્રણ કરોડ 50 લાખ સાથે પશ્ચિમ ભારત બીજા ક્રમે છે.

. . . . . . . . . .

# MARKET

સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો આજે દિવસ દરમિયાન વધ્યા બાદ અંતે સામાન્ય ઘટાડા સાથે બંધ રહ્યા હતા. 30 શેરોનો બીએસઇ-સેન્સેક્સ 170 પોઇન્ટ ઘટીને 83 હજાર 239એ બંધ રહ્યો હતો, જ્યારે એનએસઇનો નિફ્ટી-ફિફ્ટી 48 પોઇન્ટ ઘટીને 25 હજાર 405 પર બંધ રહ્યો હતો.

મિડ-કેપ ઇન્ડેકસમાં કોઇ ફેરફાર થયો નહોતો, જ્યારે સ્મોલ-કેપ ઇન્ડેક્સ અડધો ટકો વધ્યો હતો. વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો 39 પૈસા વધીને 85 રૂપિયા 31 પૈસા પર બંધ રહ્યો હતો.

. . . . . . . . . .

# CRICKET-IND ENG

ક્રિકેટમાં, ઇંગલેન્ડ સામે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની બીજી ટેસ્ટ મેચનાં બીજા દિવસે ભારતે તેની સ્થિતિ મજબૂત કરી છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે ભારતે 137 ઓવરમાં 6 વિકેટે 551 રન કર્યા છે. કેપ્ટન શુભમન ગિલની બેવડી સદી અને રવિન્દ્ર જાડેજાનાં 89 રનનું મહત્વનાં યોગદાનથી ભારતે મજબૂત સ્કોર બનાવ્યો છે.

અગાઉ, ભારતે ગઇ કાલનાં પાંચ વિકેટે 310 રનનાં સ્કોર સાથે રમત શરૂ કરી હતી. પાંચ મેચોની શ્રેણીમાં ઇંગલેન્ડ 1-0થી આગળ છે.

. . . . . . . . . . .

# Men's Hockey Asia Cup

આવતા મહિને ભારતમાં રમાનાર પુરુષ હોકી એશિયા કપમાં પાકિસ્તાનની હાજરી અંગે અનિશ્ચિતતા વચ્ચે રમતગમત મંત્રાલયે જણાવ્યું છે કે, પાકિસ્તાન ટીમને સ્પર્ધા માટે ભારતમાં પ્રવેશની મંજૂરી આપવામાં આવશે. જોકે, આ અંગેની અંતિમ મંજૂરી વિદેશ અને ગૃહ મંત્રાલય દ્વારા આપવામાં આવશે.

રમતગમત મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, હોકી એશિયા કપ બહુ-રાષ્ટ્રીય સ્પર્ધા હોવાથી પાકિસ્તાનની ટીમ ભારત આવે તેની સામે અમને કોઈ વાંધો નથી. જોકે, વિઝા અંગેનો નિર્ણય વિદેશ અને ગૃહ મંત્રાલયને આધિન છે. તેમનો નિર્ણય અંતિમ ગણાશે.

બિહારનાં રાજગીરમાં 29 ઓગસ્ટથી 9 સપ્ટેમ્બર દરમિયાન પુરુષ હોકી એશિયા કપ 2025 રમાશે.

ઉલ્લેખનીય છે કે, પહલગામ આતંકવાદી હૂમલાને પગલે એશિયા કપ હોકીમાં પાકિસ્તાનની ટીમની હાજરી અંગે અનિશ્ચિતતા સર્જાઈ હતી.

. . . . . . . . . . .